# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-08-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.**

-----------------------------------------------------------------------

**આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)**

**(CLOSING MUSIC)**

# FOOD DISTRIBUTIONS IN FIVE YEARS

રાજ્યમાં ગત પાંચ વર્ષમાં અન્ન સુરક્ષા યોજના હેઠળ 25 લાખ પરિવારોના એક કરોડ 14 લાખથી વધુ લાભાર્થીઓને વિનામૂલ્યે અનાજ વિતરણ કરાયું. તેમાં મુખ્યત્વે કુલ 136 લાખ મૅટ્રિક ટન ઘઉં-ચોખા તેમજ ત્રણ લાખ મેટ્રિક ટન બરછટ અનાજનો લાભ અપાયો હોવાનું અન્ન અને નાગરિક પૂરવઠા મંત્રી રમણ સોલંકીએ જણાવ્યું. તેમણે કહ્યું, આ યોજના હેઠળ વર્ષ 2025-26માં રાજ્ય સરકાર દ્વારા નવ લાખ 20 હજાર 610 પરિવારના 39 લાખ 65 હજાર 325 નાગરિકોને અનાજનો લાભ અપાયો છે.

# BANAS DAIRY PLANT LOKARPAN

કૃષિ અને સહકાર મંત્રી જીતુ વાઘાણીએ કહ્યું, સાત જેટલી ડેરી બાયો-સીએનજી પ્લાન્ટ સ્થાપવા તૈયાર થઈ હોવાથી તેમને ટૂંક સમયમાં સરકાર દ્વારા જમીન ફાળવાશે. બનાસ ડેરી દ્વારા નિર્મિત 100 મેટ્રિક ટન દૈનિક ક્ષમતાના બનાસ-સુઝૂકી બાયોગૅસ પ્લાન્ટ અને બાયો-CNG ફિલિંગ સ્ટેશનના લોકાર્પણ સમારોહને સંબોધતા શ્રી વાઘાણીએ કહ્યું, આ ઐતિહાસિક પળથી બનાસ ડેરી, રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ - NDDB અને સુઝૂકીનું નામ ઇતિહાસમાં લખાશે. તેમણે બનાસ ડેરીને ભારતના ગામડાઓના નવા વિકાસનું મૉડેલ, સહકારથી સમૃદ્ધિનો માર્ગ, ગોબરથી ગૌરવ, કચરાથી સંપત્તિનું મૉડેલ ગણાવી.

ઉલ્લેખનીય છે કે,બાયો-સીએનજીથી ખેડૂતો માટે આવકના નવા સ્રોત અને પર્યાવરણ સંરક્ષણને વેગ મળશે.

# ST BUS LOKARPAN

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે ગાંધીનગર ખાતેથી 101 નવીન એસ.ટી. બસોનું લોકાર્પણ કર્યું. લોકાર્પિત કરાયેલી આ બસોમાં 71 સુપર એક્સપ્રેસ, 20 મિડી અને 10 સ્લીપર કોચનો સમાવેશ થાય છે, જે તમામ બસો રક્ષાબંધન તહેવારના વિશેષ સંચાલનમાં પણ ઉમેરાશે તેમ કેબિનેટ મંત્રી અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું.

(BYTE : ARJUN MODHVADIYA, CABINET MINISTER)

# DyCM TRIBAL MEETING

ગાંધીનગરમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં સુરતના આદિજાતિના પ્રશ્નો અંગે બેઠક યોજાઈ. તેમાં આદિજાતિના ખેડૂતોને જમીન આપવા સહિતના મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી. આ અંગે આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલે કહ્યું, સાચા હકદારોને જમીન મળશે. હજારોની સંખ્યામાં હજારો એકર જમીન પણ અપાઈ છે.

**(BYTE: NARESH PATEL, TRIBAL DEVELOPMENT MINISTER)**

# GANDHINAGAR- 77TH VAN MAHOTSAV

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની ઉપસ્થિતિમાં ગાંધીનગરના જામળા ખાતે 77મા વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી. આસુદેવ મહાદેવ મંદિર પરિસરમાં 551 દેશી વૃક્ષોનું વાવેતર કરાયું. આ પ્રસંગે શ્રી પાનશેરીયાએ 'એક પેડ માં કે નામ' અભિયાનમાં જોડાવા સૌને અપીલ કરી. તેમણે પ્રકૃતિના જતન, પ્રદૂષણ અટકાવવા અને પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. સાથે જ ભેળસેળ કરનારા લોકો સામે કડક કાર્યવાહી કરવાની ચેતવણી આપી અને વ્યસનમુક્ત તથા સ્વસ્થ સમાજ માટે સૌને સંકલ્પ લેવા અનુરોધ કર્યો.

# MSG KADANA DAM

મહીસાગરમાં કડાણા બંધમાંથી કડાણા બંધના ડાબા કાંઠાની નહેરમાં 350 ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. મુખ્ય પાક ડાંગરને સુકાઈ જતો બચાવવા વહીવટી તંત્ર દ્વારા છોડવામાં આવેલું આ પાણી નહેર વિસ્તારના 130 ગામના ખેડૂતોની 11 હજાર 59 હેક્ટર જમીનના પાક માટે જીવાદોરી સમાન પૂરવાર થઈ રહ્યું છે.

# BHAVNAGAR ACCIDENT

ભાવનગરમાં એસ.ટી. બસચાલકે કાબૂ ગુમાવતા સર્જાયેલા અકસ્માતમાં માતા પૂત્રીના મોત થયા છે. એસ.ટી. બસ સ્ટેન્ડ બહાર આજે સવારે એક સિહોર-ટાણા-વરલ રૂટની બસ મુખ્ય ગેટમાંથી બહાર નીકળી રહી હતી તે દરમિયાન ડ્રાઈવરે કોઈ અગમ્ય કારણોસર વાહન પરથી કાબૂ ગુમાવી દીધો હતો. ત્યારે બસ સીધી ફૂટપાથ પર ચડી ગઈ હતી જ્યાં વાહનની રાહ જોઈ રહેલાં માતા અને સાત વર્ષની પુત્રીનું મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય એક મહિલા ગંભીર રીતે ઇજાગ્રસ્ત થઈ હતી. ઘટનાને પગલે પોલીસ વધુ તપાસ હાથ ધરી છે.

# GIR SOMNATH GETCO

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના ઈણાજ ગામમાં જેટકોની વીજલાઈન માટે થયેલા સર્વેને લઈને સાંસદ માનસિંહ પરમારે ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કૌશિક વેકરિયાને રજૂઆત કરી છે. રજૂઆતમાં તેમણે જણાવ્યું છે કે ઈણાજ ગામમાં વીજલાઈન ખેડૂતોની ફળદ્રુપ જમીનમાંથી પસાર થતી હોવાથી ખેડૂતોને આર્થિક નુકસાન થવાની શક્યતા છે. તેમણે વિનંતી કરી કે ઈણાજ ગામમાં જેટકોની લાઈન માટે થયેલા હાલના સર્વેનો રી-સર્વે કરાવવામાં આવે અને શક્ય હોય ત્યાં સુધી સરકારી જમીનમાંથી વીજલાઈન પસાર થાય તેવી કાર્યવાહી કરવામાં આવે.

# JAMNAGAR BETHAK

જામનગરમાં બ્લેક સ્ટોન ક્વોરી મંડળની આજે બેઠક યોજાઈ. જેમાં સમગ્ર જિલ્લામાંથી મોટી સંખ્યામાં બ્લેક સ્ટોન ક્વોરી અને ક્રશર માલિકો ઉપસ્થિત રહ્યા. બેઠક દરમિયાન GSTની સમસ્યાઓ, સ્થાનિક પડકારો, ભાવ સમીક્ષા સહિતના મુદ્દે ચર્ચા થઈ. બેઠકમાં સ્ટોન ક્વોરી ઉદ્યોગને સ્પર્શતા વિવિધ ગંભીર મુદ્દાઓ પર વિગતવાર માહિતી આપવામાં આવી.

# BHAVNAGAR BUS SEWA

રક્ષાબંધનના પર્વ નિમિત્તે ભાવનગર શહેરની મહિલાઓ બસમાં વિનામૂલ્યે મુસાફરી કરી શકશે. મહાનગરપાલિકા દ્વારા શહેરમાં દોડતી તમામ સિટી ઈ-બસ સેવાઓમાં મહિલાઓ માટે મુસાફરી સંપૂર્ણપણે નિઃશુલ્ક રાખવાનો નિર્ણય લેવાયો છે. તહેવારના આ દિવસે બહેનો પોતાના ભાઈઓને રાખડી બાંધવા માટે કોઈપણ પ્રકારની યાતાયાતની મુશ્કેલી કે આર્થિક બોજા વિના સરળતાથી અને સુરક્ષિત રીતે પોતાના ગંતવ્ય સ્થાન સુધી પહોંચી શકે તે માટે આ આયોજન કરાયું છે.

# BVR RAKSHA BANDHAN UJAVANI

ભાવનગરમાં જિલ્લા જેલ ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી. ધાર્મિક અને સામાજિક સંસ્થાના સંયુક્ત ઉપક્રમે વિશ્વ બંધુત્વ અને વસુધૈવ કુટુમ્બકમ્-ની ભાવના સાથે કરાયેલી ઉજવણી દરમિયાન મહિલાઓએ જેલના અધિકારીઓ અને કર્મચારીઓને રાખડી બાંધી હતી. દરમિયાન જેલ બંદીવાનોને વ્યસનથી થતા નુકસાન અને મુશ્કેલી અંગે માર્ગદર્શન અપાયું.